સ્તવનમાળા. ૩૪૪૮

પ્રથમ ભાગ.

બનાવનાર

ખરતર ગચ્છના ઉપાધ્યાયજી

શ્રી લક્ષ્મિ પ્રધાનજી ગણીના

મુખ્ય શિષ્ય,

પંડિત મોહનલાલ મુની.

બીકાનેરવાળા.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

તત્વદીપક મોહન મંડળી.

મુંબઈ:

ઈંડીયન પ્રીંટીંગ પ્રેસ, કાંદાવાડી લેન.

૧૮૮૮.

કીમત દોઢ આનો.

સૂચના.

આ સ્તવનમાળામાં મુખ્યકરી નાટકની ચાલમાં બનાવેલા રાગ-રાગણીઓનાં પદો સમાવેલાં છે. તેનું કારણ હાલની ઉછરતી પ્રજાનો પ્રેમ એવા રાગોના પદોપર વધારે હોવાનું છે. આનો બીજો ભાગ જે થોડા વખતમાં બાળબોધ લીપીમાં છપાનાર છે તેમાં પ્રાચીન, અર્વાચીન પંડિતોનાં બનાવેલા પદો આવશે.

રત્નસાગર, પ્રથમ ભાગ જે કલકતામાં છપાઈ બહાર પડેલો છે અને જેમાં તમામ જૈની ભાઈઓને બારેમાસ ઉપયોગી થાય એવો પુજા પરીક્રમણાદિ સંપૂર્ણ ધર્મકૃત્ય સંગ્રહ કરવામાં આવેલો છે, આ ગ્રંથ એટલોતો લોકપ્રીય થયેલો છે, કે તેની તમામ પ્રત હાલમાં ખપી ગઈ છે અને તેની બીજી આવૃતિ પણ થોડાજ વખતમાં છપાઈ બહાર પડશે, જેમાં જાણવાજોગ સુધારો વધારો કરવામાં આવનાર છે.

રત્નસાગર દ્વિતિયભાગ જેમાં જન્મથી લઈ મર્ણપરિયંત સંસ્કાર સંક્ષીપ્ત જૈન ઈતિહાસના તોરપર અવશ્ય જૈની ભાઈઓને જાણવા જોગ ગ્રંથ પણ અમારા તરફથી છપાઈ બહાર પડનાર છે.

જૈન શેવક,

મોહનલાલ યતિ.

સ્તવનમાળા.

પરમમંગળ શ્રીનોકારમંત્ર સ્તવન પ્રારંભ.

પદ.—(રાગ ઈન્દ્રસભા નાટકનો—તાલ દીપચંદી.)

તન મન સુચિકર જપ નવકાર, જિનથી ચેતન લહે શિવ સુખ સાર
ટેક.— ચૌદ પુરબનો એહીજસાર, મંત્રોત્તમ સબમેં શ્રીકાર;
નિત ઊઠ મંત્રતણો કરે ધ્યાન, સો પાવે અદભૂત નિરમળ જ્ઞાન. તન. ૧
દુષ્ઠ કુષ્ઠ સહુ રોગ ગમાય, કંચન વરણ ચિત્તિત મન થાય;
નર સુરપતિ નિત શેવે પાય, અસિયા ઉશા મંત્ર પસાય. તન. ૨
સહુ સુખ પાયા, શ્રીપાળ પ્રધાન, સુર સુખ લહી હુસી સિદ્ધ સમાંન;
લક્ષ્મિ પ્રધાન શેવે એક તાર, મોહનશ્રેણી જયજયકાર. તન. ૩

ઈતિપંચ પરમેસ્ટિ નમસ્કાર સ્તવનં.

પદ બીજું—શ્રી સંખેશ્વર પાસ જિને. એ ચાલ.

પ્રહ ઉઠી એક ચિત્ત સહુ જિનવર નમું,
કર્મ કઠિણ કર દૂર બહુત ભવ નવી ભમું;
રિખભ, અજિત, બળી સંભવ, અભિનંદન, સહી,
સુમતિ, પદમ, સુપાસ, ચંદ્રા પ્રભૂ, મન લહી. ૧

સુવિધ, શીતળ, શ્રેયાંસ, નમું કર જોડને,
બાસપુજ્ય, શ્રી વિમળ, અનંત જિન મોડને,
ધર્મ શાન્તિ, જગદીશ, કુંન્થુ, અરિદેવને,
મલ્લિનાથ, મુનિસુબ્રત, નમિ નેમિ શેવને. ૨
સહુ જગ તારક નાથ પાર્શ્વ, મહાવીરને,
ચોવિશે જિન રાજ નમું શિવ ધીરને;
અરિહંત સિદ્ધ, આચારજ, પાઠક, શેવતાં,
સાધુ, સકળ, ગુણ દરશન, જ્ઞાન, કું લેવતાં. ૩
ચારિત્ર, તપ, જગ તારણ નવ પદ જાણિયે,
શેવત શિવ સુખ પાય સહુ ગુણ ધ્યાનિયે;
ચૌદેસેં બાવન સહુજિન ગણધરૂ,
દ્વાદશાંગી, વચનાંમૃત સહુ જન સુખ કરૂ. ૪
ઉત્તમ નર ભવ પાય પ્રભૂ દરશન લહી,
સુરનર પતિ પદ પાય લહે શિવ સુખ સહી;
સહુ જિન મંદિર મુંબઈ નગર સોહામણા,
શ્રીવર મોહન શ્રેણિ તત્વદીપાવના. ૫

ઈતિ વરતમાન ચોવિસી નવ પદ સ્તવનં.

પદ ૩ જું.

સિદ્ધ ચક્ર પદ બંદોરે ભવિકા—એ ચાલ.

બિહરમાન જિન બંદોરે સુરીજન—બિ૦

શ્રી સીમંદર, યુગમંદર, જિન, બાહુ, સુ બાહુ, સુજાત,
સ્વયંપ્રભૂ રિખભાનનનીત ગુણ કર, અનંત બીરજ જગ ભ્રાતરે સુ૦૧
સુરપ્રભૂને વિશાળ, વજ્રધર, ચંદ્રાનન, સુખદાય,
ચંદ્રબાહુ નમુ, ભુજંગ, ઈસરનિત, નેમ, બેરસેન ભાયરે સુ૦ ૨
મહાભદ્ર, નમુ દેવ યશા નિત, અજિત બીર્ય ચિત્તલાય,
અઢી દ્વીપમાંહે પંચ બિદેહે, બિચરતા બિંશતી પાયરે; સુ૦ ૩
રિખભાનન, ચંદ્રાનન, બારીશેણ, બરધમાન, જિન ચાર,
સાસ્વતા ચેત્ય દીપત સહુ ત્રિભુવન, સાસ્વતા એ જિન ધારરે; સુ૦૪
ગણધર કેવળી સાધુ સકળ નિત, નમન કરૂં ચિત લાય,
તત્વદીપક પાઠકપદ શ્રીવર, મોહન નિત ગુણ ગાયરે. સુ૦ ૫

ઈતિશ્રી બીસ બીહરમાન જિનબંદન સ્તવનં.

પદ ૪ થું—તાલ દાદરા.

લોભી નેનારે લોભી નેના૦ એ ચાલ.

સેવો સયણારે શેવો સયણા, હોજિન પદકું શેવો. ટેક.
જિનપદ શેવન સમકીત કારણ, જ્ઞાન પદારથ લેણા હો. જિ૦૧
દરશન જ્ઞાન ચરણ તપ નિજ ગુણ, પ્રભુ શેવન સુખ દેણા હો. જિ૦૨
જે જિનપદ પુજન ઉથ્થાપક, કાળ અનંત ભવ રેણા. હો. જિ૦૩
અંગ ઉપાંગ સહુ જિન આગમ, સુરનર પુજન કેણા હો. જિ૦૪
કુમતિ કદાગ્રહ દુર તજીને, હિત સુખ માનો બેણા. હો. જિ૦૫

પાઠક તત્વદીપક શ્રી શ્રીવર, મોહન પ્રભુ સુખ દેણા. હો. જિ૦૬
જૈન પ્રભાકર શ્રેણી પ્રભુના, ગુણ ગાયન ફળ લેણા. હો. જિ૦૭

ઈતિ જિનપદ બંદન સ્તવનં.

પદ ૫ મું.

જીયા ચતુર સુજાણ૦ એ ચાલ.

જીયા એક સુણ બાત, જિનપદકું તું ધ્યાયરે, ટેક.
અષ્ટ કરમકે બસમેં પડિયો, ભમિયો ભવ સાયર માંયરે; જી૦ ૧
પુન્ય સંજોગે નર ભવ પાયો, મિલિયો ઉત્તમ કુળ આયરે; જી૦ ૨
જૈન ધરમ જિન દરશન પાયો, ફીરતું આળસ કયું ખાયરે. જી૦ ૩
પરઉપકારી અંતરજામી, તરણ તારણ મહારાયરે. જી૦ ૪
એક ચિત્ત પ્રભૂકો સમરણ કરલે, જયું ગુણ પરગટ થાયરે. જી૦ ૫
જો તાહરા ગુણ પ્રગટ કરેતો, શિવરમણી બરે જાયરે. જી૦ ૬
તત્વદીપક શ્રીવર પ્રભુ ધ્યાવે, મોહન બંછિત પાયરે. જી૦ ૭

ઈતિચેતન ચમત્કાર સ્તવનં.

પદ ૬ ઠું—રાગ કલ્યાણ.

ટુક નિજર મહરદી કરના૦ એ ચાલ.

ભવી ધારો આગમ જિન બાણી, હોભવી૦ ટેક.
દોશ અષ્ટાદશ રહિત કેવળ યુત, સમવસરણ પ્રભુબાણી હોભવી.૧

ચોતિસ અતિશય ધરચૌસુખજિન, અતિસય પેંતિસ વખાણી. હો૦૨
સપ્ત ભંગિ નયભેદ બિચક્ષણ, ચૌનીખેપ પ્રમાણી, હોભવી. ૩
જિનવર ભાષીત પરમપદારથ, ગણધર સુત્ર રચાની. હોભવી. ૪
દ્વાદશાંગી શ્રુત સાગર અનુપમ, સહુ જગભેદ કહાણી. હોભવી ૫
દાન, શિયળ, તપ, ભાવ, આરાધો, મુળ ધર્મ એહ જાણો. હોભવી.૬
તત્વદીપક શ્રીવર મોહન સુત, જૈન પ્રભાવ સાર માનો. હોભવી. ૭

ઈતિજિન બાની નમસ્કાર સ્તવનં.

પદ ૭ મું—દેશી સુરતી મહીનાની.

પ્રથમરાય અરૂ પ્રથમ ભિખ્યાચર પ્રથમં જિનંદ,
આદિ જિનેશર જગ પરમેશર સોહે દિનંદ;
નાભિ તાત મરૂદેવી માત કુલ શ્રીજિન રાય,
લક્ષણ અંગ સુસોભિત નગર બિનીતા થાય. ૧
ધનુષ પાંચસે માન કંચન સમ કાયા જાણ;
ચૌરાસી લખ પૂરવ આયુતણું પરિ માણ:
બ્રિષભ લંચ્છન દીપત પ્રભુ યુગલા ધર્મ મિટાયં,
શિલ્પ જ્ઞાન સ્ત્રી પુરૂષ કળા સહુ ભેદ બતાય. ૨
જનમ મરણ ખટ દશ સંસ્કાર આચાર દેખાય,
લિપિ અષ્ટાદશ ભેદ બતાય પ્રજાપતિ થાય;
સતપુત્રાંને રાજ્ય દેશ દઈ થયા મુનીરાય,
એક સહસ વત્ચ્છર તપ કરને કેવળ પાય. ૩

સમવસરણ પ્રભુ ચૌમુખ ચૌબિહ ધર્મ પ્રકાર,
બ્રહ્મા નામ પ્રગટ કીયો સાધુ શ્રાવક અધિકાર;
ભુવનપતિ વ્યંતર જોતષિ બૈમાનીક દેવ,
અણ હુંતે ઈકકોડ સદા પ્રભુની કરે શેવ. ૪
જગ વત્સળ જગનાયક પ્રભુખટ દરશન નાથ,
પ્રથક ભેદ નામે પ્રભુ ધ્યાવે સહુ જગસાથ;
અષ્ટાપદ પ્રભુ સિદ્ધ થઈ પુજા સબ દેશ,
તીરથ મોટો સિદ્ધગિરી ધ્રુળેવા હમેશ. ૫
ભવ ભવ પ્રભુની શેવ કરૂં સુદ્ધ મન બચકાય,
કુમતિ કદાગ્રહ દૂર કરો નીજ ગુણ પ્રગટાય;
ભુંયખેડા પ્રભુ મંદર મોતીશા શેઠ બનાય,
અદભુત શાન્તિ છબી પ્રભુ દરશનથી સુખ પાય. ૬
ધન ધન જે નર પૂજા કરે બસુદ્રવ્ય સુરંગ,
શ્રીજિનચંદ દયાનિધિ પાવત દીલ ઉચ્છરંગ;
મંમાઈ બંદર સહુ જિન મંદર લક્ષ્મિપ્રધાન,
એક ચિત્ત શેવે મોહન શ્રેણી કરે ગુણ ગાન, ૭

ઈતિભુંયખેડા મંડણ શ્રી આદીજિન સ્તવનં.

પદ ૮ મું.—છંદ ગમક. તાલ એક, માત્રા પાંચ.

પ્રભુપાસ, ગુણવાસ; પ્રતિ સાસ, કરિ આશ. ૧
ભવપાય, ગુણ ગાય; સુખ થાય, દુખ જાય. ૨

જિનદેવ, નિત શેવ; કરિ દેવ, સુખ લેવ. ૩
જગતાત, જગમાત; જગ ભ્રાત, જગ ત્રાત. ૪
કર ભકિત દિલ શકિત; ગુણ રકિત, બર મુકિત. ૫

ઈતિ શ્રી પાર્શ્વ જિન સ્તવનં.

પદ ૯ મું.—છંદ બામ.—તાલ બે, માત્રા છ.

અજિત ચરણ, રહત સરણ; કનક બરણ, તેજ તરણ. અ૦ ૧
દિલ બિચાર, તત્વસાર; મદ પ્રકાર, તજ ગમાર. અ૦ ૨
ભવ અનંત, ભય સહંત; ગુણ ધરંત, સુખ કરંત. અ૦ ૩
જ્ઞાન રાય, લક્ષ્મિ પાય; મુકિત ભાય, સુઃખ થાય. અ૦ ૪

ઈતિ શ્રી અજિત જિન સ્તવનં.

પદ ૧૦-છંદ કન્તા.—(તાલ બે, માત્રા સાત.)

પ્રભુ નમિ નાથ, જોડું હાથ; સહુ જગનાથ, શિવપુર હાથ. પ્રભુ૦ ૧
પ્રભુ પદલીન, સ્થિર ચિત કીન, જિમ જળમીન, અંતરપીન. પ્રભુ૦ ૨
કરૂણા સાર, દિલગુણધાર; અબમુજ તાર, કર ભવપાર. પ્રભુ૦ ૩
મોહ મિટાય, તત્વદિપાય; નિજગુણ પાય, શિવસુખ થાય. પ્રભુ૦ ૪
પાઠકમાન, લક્ષ્મિપ્રધાન; મોહન જ્ઞાન, આતમ ધ્યાન. પ્રભુ૦ ૫

ઈતિશ્રી નમીનાથજિન સ્તવનં.

પદ ૧૧ રાગ ઠુમરી.—(તાલ દાદરા.)

અર્જ કરૂં ઠાઢો, અરજ કરૂં ઠાઢો, મોહેતારો અર૦ ટેક.
પ્રભુજી થાંરો બિરૂદ્ધ ચિત્ત ધારો, દુઃખ સહુ ટારો, મોહે૦ અર૦ ૧
પ્રભુજી તુમે તરણ તારણ છો, સુઃખકારણ છો; મોહે૦ અર૦ ૨
પ્રભુજી રિખભ જિનેસર સાચો, મોહનગુણ રાચો; મોહે૦ અર૦ ૩

ઈતિશ્રી આદજિન સ્તવનં.

પદ ૧૨ રાગ ઉપરની ચાલ પ્રમાણે.

સરણ મેં આયો, સરણ મેં આયો, બીરતેરે, સરણ મેં આયો. ટેક.
પ્રભુજી મેંતો કુમતિ સંગ રમિયો, બહુત ભવ ભમિયો, બીર. સ. ૧
પ્રભુજી મોકું સુમતિ અબદીજે, જગત જશલીજે. બીર. સ. ૨
પ્રભુજી શિવ સુખ શ્રીવર ચાહું, મોહનગુણ પાહું. બી૦ સ૦ ૩

ઈતિશ્રી બીરજિન સ્તવનં.

પદ ૧૩ રાગ—(આઈ સુંદર નાર કરકર શૃંગાર એ ચાલ.)

જિન તત્વસાર, સહુ જગ આધાર; કરી મોહજાર,
સુખશાન્તિસાર, પ્રભુ ગુણ અપાર, દિલ સમરણ કીનો. જિન૦ ૧
જિન સુમતિ પાય, દિલ સુમતિ થાય, સહુ કુમતિ જાય;
મોહમદ નસાય, ગુણ આતમ પાય, બંચ્છિત સુખલીનો. જિન૦ ૨
ભવજલ પ્રધાન, પ્રવહણ સમાન, સહુ સુખ નિધાન;

કરી આતમ ધ્યાન, શિવ શ્રીપ્રધાન, ગુણ મોહન લીનો. જિન૦ ૩

ઈતિ શ્રી સુમતિ જિન સ્તવનં.

પદ ૧૪ રાગ કલ્યાણ.—(દીલદારીકીનીરે—એ ચાલ.

દીલહર ના જાઓરે, મેરા ઓધ્યારે, દીલ—ટેક.

સુખ કરિયાં, પ્રીતમબરિયાં, દીલ ધરિયાં, નજરયાં ભરિયાં;

હઠકરકે, ફીરકર ના જાઓરે—દીલ હરના. ૧

મન અંદર રહી શિવ બનિ તાજે, જાન લેઈ મુજ ઘરકહું આકર;

અબતો, અરજી, સુનકે, ગિરપર ના ધાવોરે, દીલ. ૨

બાત ન માની જાદવ મુખજો, સાથ રહુંગી સંજમપાકર;

પળ પળ, દરશન, કરકે, શિવપુરકું પાવોરે. દીલ. ૩

જૈન પ્રભાકર શિવશ્રી બરજો, મોહન શ્રેણી જિન ગુણ ગાકર;

ઉછવ, નાટક, કરકે, પ્રભુના તત્વ દીપાવોરે. દીલ. ૪

ઈતિ શ્રી નેમજિન સ્તવનં.

પદ ૧૫ રાગ ઠુમરી.—(તુને કમલા જીયરવાઓ પીતા; એ ચાલ)

લય ગુણ સાર જીઅરવા, ઓ પતિ મોરા. લય ગુણ૦ ટેક.

કુમતિ કપટતેં સબ ગુણ ભુલકર, ભમિયો ભવમેં જીઅરવા ઓ. ૧

આદી રહીત તું જનમ મરણ કર, દુખ પાયો જીયરવા ઓ. ૨

પુન્યયોગ નરભવ જિન દરશન, જ્ઞાન પાયો જીયરવા ઓ. ૩

સુમતિ બચન પ્રભુ સુમતિ સેવનકર, સુખ પાયો જીઅરવા ઓ. ૪

તત્વ દીપક શિવ શ્રીવર મોહન, ગુણ ગાયો જીયરવા ઓ. ૫

ઈતિ શ્રી સુમતિ જિન સ્તવનં.

પદ ૧૬ રાગ ઉપર પ્રમાણેનો.

તું અબતાર બિમળવા, ઓ પ્રભુ મોરા તું.
બિમળ જિનેસર જગપરમેશર, કરો મેહેર નીજરવા. ઓ પ્રભુ. ૧
તુંજગતારણ બિરૂદ શ્રવણકર, રહું તુમેરે સરણવા. ઓ પ્રભુ. ૨
તુમગુણ સુરગુરૂ પાર ન પાવત, કીં મેં કરૂ બરણવા. ઓ પ્રભુ. ૩
સુમતિ સંગ મુજ નીજગુણ પાઉ, એતિ કરો મહરવા. ઓ પ્રભુ. ૪
તત્વ દીપક શિવ શ્રીવરમોહન ગુણગાયો તરણવા. ઓ પ્રભુ. ૫

ઈતિ શ્રી વિમળજિન સ્તવનં.

પદ ૧૭ રાગ—(શિરપર એ બોજા અપને એ ચાલ.)

સંભવજિન થાંરી સુરત પ્યારી અંગિયાં સારીરે, સંભવ૦ ટેક.
અંગિયાં તુમ મન ભાઈ, સુંદર સબ રત્ન જડાઈ;
માનું દિનકારીરે, જાઉ બલિ હારીરે.
સેવત નિત તુમ સુર સારા, તુમ સહુ જગમોહન ગારા;
ભવિ પલ પલ તુમ ગુણ ધારે, શિવ સુખ લાગત સહુ પ્યારે;
શ્રી વરહિત કારી મોહન ધારી ગુણ સુખ કારીરે, સંભવ: ૧

ઈતિ શ્રી સંભવજિન સ્તવનં.

પદ ૧૮ ગજલ.—(તાલ દાદરા.)

શ્રી કુંન્થુનાથ પ્રભુ અરજ કરૂં મેં તુજકું.
અબ અરિદાસ સુણી જ્ઞાન દેખાવો મુજકું. ટેક.
લોક અલોક બોધ જ્ઞાન પ્રગટહે તુજકું,
મિથ્યા મોહજાળ કરી સહુ ગુણ છિપાયા મુજકું. શ્રી. ૧
પ્રભુ તુમબિરદ સુણી અર્જ કરૂં મેં તુજકું,
અબ ભવજળ સેતી પાર ઉતારો મુજકું. શ્રી. ૨
જૈન પ્રભાકર મંડળી નમત હે તુજકું.
શિવ શ્રીવર પ્રભુ મોહન ગુણ આ[illegible] મુજકું. શ્રી. ૩

ઈતિશ્રી કુંન્થુજિન સ્તવનં.

પદ ૧૯.—(તાલ દીપચંદી.)

પ્રભુ મલ્લિજિનંદ મુખ નિરખું, માનું ક્રોડ રવી ચંદ્ર સરખું.
રાયકુંભ પ્રભાવતિ રાણી, ધન્ય માત પિતા મન આણી; ભલાપ્રભુ. ૧
પ્રભુ મલ્લિજિનંદ ઉપગારી, દરશન ગુણ ચેતન તારી. ભલાપ્રભુ. ૨
ખટમિત્ર નરેસર બોધી, ગુણ ચરણ ધર્યો દીલ શોધી; ભલાપ્રભુ. ૩
પ્રભુ ચરણગ્રહી મોનધારી, તતખિણ કેવળ સુખકારી; ભલાપ્રભુ. ૪
પ્રભુ સુરતી મોહનગારી, મેંતો પલચ્છિન જાઉ બલિહારી; ભલાપ્ર૦ ૫
પ્રભુ ભવીજન ભવજળ તારે, શિવસુખ શ્રીવર પ્રભુ પ્યારે; પ્ર૦ ૬
ભવિતત્વ દીપક ગુણ ગાવે, મનવાંચ્છિત મોહન પાવે; ભલાપ્રભુ૦ ૭

ઈતિશ્રી મલ્લિજિન સ્તવનં.

પદ ૨૦ રાગ માંડ–(તુને દેવરે સુજ્ઞાની શીખ—એ ચાલ.)

પ્રભુ વિમળનાથ સુખદાય, જિનંદપદ શેવો તો સહી,
શેવો તો સહી મેરા ચેતન, શેવો તો સહી. પ્રભુ૦ ટેક.
હિત સુખ કરણી નિજગુણ ધરણી, બેવો તો સહી; મેરા. પ્રભુ૦
દ્રવ્યભાવ દોયભેદ પુજનકર, લેવોતો સહી, મેરા. પ્રભુ૦ ૧
રાયપ્રસેણી જ્ઞાતા વરણી, કેવો તો સહી. મેરા. પ્રભુ૦
દ્રુપદીસમ સુરીયાભ વિજય ગુણ, લેવો તો સહી. મેરા. પ્રભુ૦ ૨
અષ્ટપ્રકારી પૂજન સારી, ગાવો તો સહી, મેરા. પ્રભુ૦
કુમતિ કદાગ્રહ છોડ વિમળ જશ પાવો તો સહી; મેરા. પ્રભુ૦ ૩
પૂજન કરણી શિવસુખ વરણી ભાવો તો સહી; મેરા. પ્રભુ૦
પાઠક લક્ષ્મિ પ્રધાન મોહનગુણ, ગાવો તો સહી; મેરા. પ્રભુ૦ ૪

ઈતિશ્રી વિમળજિન સ્તવનં.

પદ ૨૧ રાગ ઈંગ્રેજી વાજાની–(તાલ દાદરા ત્રેતાલા.)

શેવશેવ નિત્યે દેવ શાન્તિ નાથતું, શાન્તિ નાથતું. શેવ૦ ટેક.
ભવ દધિમાંહી સાર પોત જાણ તું, દુઃખટાર સુઃખકાર પાળ આણતું પાળ; શેવ૦ ૧ ક્રોધ લોભ મદ મોહ છાંડ છારતું; કાઠીયા નિવાર પ્રભુ ધ્યાન ધારતું, ધ્યાન૦ શેવ૦ ૨ તન મન સુચીકર દ્રવ્યચાઢતું, મિથ્યા મતિ છાંડ સબ શલ્યકાઢ તું, શેવ૦ ૩ દ્રવ્ય-ભાવ ભેદ જાણ પુજ સારતું, અક્ષય અનંત સુખ શિવ ધારતું

શિવ૦ શેવ૦ ૪ ભકિતયુકત શંઘ સહુ શાન્તિકાર તું, બંબઈ મોહન પ્રભુ શાંતિતાર તું. ૫

ઈતિશ્રી શાન્તિજિન સ્તવનં.

પદ ૨૨.—લાદ ચલા બણજારા૦ એ રાગ.

પ્રભુ ધર્મનાથ મુજ પ્યારા, જગજીવન મોહન ગારા; ટેક.
તુમ શેવા હિતસુખકારી, સુરનર ભવિદિલ ગુણ ધારી;
નિજ ગુણ સુખ માંગત સારા, પ્રભુ૦ ૧
તુમ અંગીયાં અજબ સુહાવે, ભૂષણ સબરેણ જડાવે;
દિનકર સમતેજ અપારા, પ્રભુ ધર્મ૦ ૨
શિવ શ્રીવર નિજગુણ પાવે, ગુણ જૈન પ્રભાકર ગાવે;
નિત મોહન સુખ જયકારા—પ્રભુ૦ ૩

ઈતિશ્રી ધર્મનાથજીન સ્તવનં.

પદ ૨૩.—એ હાલ અપના કહુ મેં કાશે સજ્જન બીના—એ ચાલ.

હજૂર તુમસેં કરૂં મેં અરજી, અજ્ઞાનપણમેં જો ખેલ રમિયાં-હજૂર૦ અનાદી ભવસેં કુમતિ દીલસેં, મિથ્યા તમો ગુણ ધરી ભવભમિયા: હજૂર૦ ૧ અનંત કાળે નિગોદ ખાતે, સહ્યા જો દુખ બહુ કથ્યો નજાવે, સાસ ઉસાસમે સાઢી સતરે ભવ, અનંત જીવ એક તન દુખ ખમીઆ હજૂર૦ ૨ સુક્ષ્મ બાદર દોઉંદળ ભમતાં, અનંત ગુણો

દુખ નરકકેસેં પાવે. બાર અનંત અનંત કાળમે, નરક તીરયંચ-ગતી ચેતન ગમિયા, હજૂર૦ ૩ માનવ સુરગતિ માંહે ભમતા ક્રોધ લોભ મોહજાળ ફેલાયો. ચોરાસી લક્ષ જીવાજોનીમેં, જનમ મરણ બહુ પાપ કરમીયા, હજૂર૦ ૪ પુન્ય સંજોગે સુગરૂ વચનસેં, તારક ભવજળ તુમ બતલાવે, કરૂણાનિધિ પ્રભુ અરજ સુણીને, નિજગુણ દો પ્રભુ રાખો સરમિયા, હજૂર૦ ૫ રતન ચિંતા મણિ અધિક ચિંતામણિ, પારસ મુંબઈ નગર સુહાવે; દિનકરસમ પ્રભુ અંગિયા સોહત, તત્વદીપક સંઘ નાટક રમિયા, હજૂર૦ ૬ સાગર બેદ નંદ બસુધાસન, સુકળમાસ તપ સરદીન ભાવે, સહુ દુખ દૂર કરો પ્રભુ શ્રીવર, મોહન જૈનપ્રભાકર નમિયા, હજૂ૦ ૭

ઈતિશ્રી ચિંતામણ પાર્શ્વનાથ સ્તવનં.

પદ ૨૪ રાગ રેખતા—મુજે તમ છોડકર પ્યારો૦ એ ચાલ.

પૂરો સહુ આસ અબ મોરી, સરણ ગોડીપાસ મેં તોરી.
સહીં તુમ દેવ શિર દેવા, કરે નર ઈંદ્ર સુર શેવા. પૂરો૦ ૧
સહુ સુખ સંપદા કરતા, દુઃખ, દાળિદ્ર ભય હરતા,
પ્રભૂ તુમ આણ શિર ધરતા, ચેતન ગુણ પાય શિવવરતા, પૂરો૦ ૨
સહુ તુમ સહસ અડનામે, જગત ધ્યાને બંચ્છિત પામે;
બિરદ સુણ ચિત્ત હુલસાયો, પ્રભુ નીત શેવું તુમ પાયો. પૂરો૦ ૩
પ્રગટ અતિશય મહંમાઈ, શેવત સહુ સંઘ સુખ પાઈ;
સંવત ઉગણીશ ચોમાળે, ફાગણ સુદ ચંદ દિનબાળે. પૂરો૦ ૪

પ્રભૂ અંગિયાં અજબ શોહે, દેખત સહુ ચિત્ત જનમોહે;
શ્રીવર પ્રભુ તત્વ દીપાવે, મોહન શ્રેણી સુજશ ગાવે. પૂરે૦ ૫

ઈતિશ્રી ગોડી પાર્શ્વજિન સ્તવનં.

પદ ૨૫. ભક્તી કરે નિત સુર સુંદરીરે–એ ચાલ.

નૃત્ય કરે નર સુર સુંદરીરે, નૃત્ય કરે–ટેક. બીણા, મૃદંગ બાજીત્ર ધુની અનુપમ, મધુર દુંદભી સમ નાદ કરીરે. નૃત્ય૦ ૧ સોલે સૃંગાર કુંવર કુંવરી સજ, ઘુઘ્ઘરૂ પાયલ પાંઉધરીરે. નૃત્ય૦ ૨ પ્રભુ-પદ નમન કરી ચિત હિતસું, થઈ થઈ નાચત ભાવ ખરીરે, નૃત્ય. ૩ સારીગમ સ્વર તાળ ભેદ કરિ, જિન ગુણ ગાયન મધુર સ્વરીરે, નૃ૦૪ અનુપમ દેવ કુંવર કુંવરીસમ, સહુજન મોહન ભકિત કરીરે, નૃ૦૫ જિનપદ ભકિત અક્ષય સુખકારણ, ધન્ય ચેતન જિનભકિત બરીરે. નૃત્ય૦ ૬ તત્વદીપક શિવ શ્રીવર મોહન, જૈનપ્રભાકર ધન્ય ધરીરે નૃત્ય૦ ૭

ઈતિશ્રી નૃત્યકરણજિન મહીમા સ્તવનં.

રાગ કેરબો.—(આજ લગી ભલા આજ લગી એ ચાલ.)

આશફલી મેરી આશફલી, જિન દરશનસેં મેરી આશફલી. ટેક.
સમવશરણ જિમ ચૈત્ય મનોહર; સોહત પ્રભુ જિનચંદબલી. જિ૦૧
શ્રી ચદ્રા પ્રભુ મોહની મૂરત, શાંતિ સૂરત મનમાંહિ રલી. ,જિ૦૨

મસ્તક મુગટ અંગ સહુ ભૂષણ, તેજ અધિક સહુ સંઘ તુલી. જિ૦૩
સર દધિ નંદ ચંદ્ર સંવત્સર, માધવસુદ અક્ષયત્રીજ ભલી. જિ૦૪
સુર તરૂ સમ પ્રભુ શહેર બરોડે, થાપત કેશવ સંઘ મિલી. જિ૦૫
તત્વદીપક, શિવ શ્રીવર મોહન, ગાવત ગુણ સહુ જૈન મિલી. જિ૦૬

ઈતિ બરોડા શ્રીચંદ્રા પ્રભુ ચૈત્ય પ્રતિષ્ઠા સ્તવનં.

પદ ૨૯. (લાવણીનાં ચાલ.)

સદગુરૂજી મહારા સરણે આયાંકી લજા રાખજો, ટેક.
પતિત ઉધારણ બિરદ સુણીને, આયો તુમારે પાસ,
અબ મન બંછિત પૂરો મહારા, એહીજ દિલકી આશજી સદ૦ ૧
કામ ક્રોધ મદ લોભ તજીને, તજ દીયો સબ સંસાર,
નવપદનો એક ધ્યાન ધરીને, પાયા સહુગુણ પારજી,- સદગુ૦ ૨
દેશદેશમાં થંભ બિરાજે, પરચા જગ બિખ્યાત,
ઈણકળુ માંહે સુરતરૂ સરખા, પ્રગટ રહ્યા સાખ્યાતજી, સદગુ૦ ૩
ચિંતામણી ઓર કામધેનુ સમ, મહારે તુંહીજ દેવ,
આણ ધરૂં શિર તાહરી, શિરે કરૂં તમારી શેવજી, સદગુ૦ ૪
માતપિતા બંધવ તું જગમેં, હિતકારી ગુરૂરાય,
રાજા રાણા સહુ જગમાંહે, શેવે તુમરા પાયજી, સદગુરૂ૦ ૫
આજ ગુરૂ તુમ ચરણ પસાયે, સીધા બાંચ્છીતકાજ,
લક્ષ્મિપ્રધાન તુમારા દરશન, મોહન ગુણકા રાજજી, સદગુરૂ૦ ૬